# હિસાબ નિયામકશ્રીની કચેરી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**વંચાણે:** અત્રેની કચેરીની તા.૨૬/૦૪/૨૦૨૩ ની નોંધ ફાઈલ ઉપર માન.કુલપતિશ્રીની મળેલ મંજુરી.

**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**લાઈટબીલ, ટેલિફોન બીલ તેમજ વાહનોના વીમાના બીલો જેવા ફરજીયાત કરવાના થતા ખર્ચાઓના ખરીદી હુકમ બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીનાં તમામ કચેરીનાં વડાશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટીના જુદાજુદા કાર્યક્ષેત્રમાં હેતુલક્ષી ઉદ્દેશો સિદ્ધ કરવા અર્થે વિવિધ ખરીદીઓ કરવામાં આવે છે. આ ખરીદીઓમાં અત્રેની યુનિવર્સિટીની કાર્યરત પ્રથા મુજબ ₹૫૦૦૦ થી ઓછી કિમતની ખરીદીઓની **સ્થાનિક મંજુરી રજીસ્ટર**માં નોંધ કરી કચેરી વડાશ્રીની મંજુરી મેળવવામાં આવે છે તેમજ ₹૫૦૦૦ થી વધુ કિમતની ખરીદીઓ માટે ગુજરાત રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ (સત્તા સોંપણી) નિયમો ૨૦૧૧ને આધીન જરૂરી મંજૂરીઓ મેળવી **ખરીદીના હુકમો** કરવામાં આવે છે.

યુનિવર્સિટીની તમામ કચેરીઓમાં વર્ષ દરમ્યાન **લાઇટબીલ, ટેલિફોન બીલ તેમજ યુનિવર્સિટીના વાહનોના વીમાના બીલો જેવા ફરજીયાત બીલોનો ખર્ચ કરવામાં આવે છે**. આવા બીલો ખુબજ ટુકી મુદતની નોટીસથી મળતા હોય છે જેમાં બીલોના ચૂકવણાની મંજુરી, હુકમો તેમજ બીલ પાસીંગની કાર્યવાહી થવા સુધીની પ્રોસેસમાં વધુ સમય વ્યતીત થતા સમયમર્યાદામાં ચુકવણું ન થવાના કારણે લેટ પેનલ્ટી ભરવાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. જેના કારણે ઓડીટ પેરા પણ મળેલ છે.

સદર સમસ્યાના નિરાકરણ માટે જેતે કચેરી દ્વારા ગુજરાત રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ (સત્તા સોંપણી) નિયમો ૨૦૧૧ને આધીન રહી **નાણાંકીય વર્ષ પ્રમાણે ફક્ત એક વિગતવાર હુકમ** પ્રસિદ્ધ કરવામાં આવે અને જેના આધારે જેતે નાણાંકીય વર્ષમાં **લાઈટબીલ, ટેલિફોન બીલ તેમજ યુનિવર્સિટીના વાહનોના વીમાના બીલો** જેવા ફરજીયાત ખર્ચના બીલો અત્રેની કચેરીની તિજોરી શાખાએ થી પાસ કરી આપવામાં આવશે. **સદર હુકમો માં વીજ જોડાણના મીટર નંબર, ટેલીફોન નંબર તેમજ યુનિવર્સિટીના વાહનોના નંબરોનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.**

**જા.નં. નકૃયુ/હિનિ/વવહિઅ/બી–૩/૧૬૮૪/૨૦૨૩**
**નવસારી, તા. ૨૭/૦૪/૨૦૨૩**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):–**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૪)** અત્રેની યુનિવર્સિટીના માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા જાણ તથા અમલ થવા સારૂ):–**

અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.